વિભાગની આઈ.ટી. કમિટીની પુનર્રચના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:ITC-૧૦૨૦૧૯-૨૩૯૬૦૫-કો.સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૮/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૩૦/૭/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક:ટીએસપી/૨૦૦૪/૮૦૮/ડીએસટી.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬/૧૦/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:આઈટીસી/૧૦૨૦૦૮/૫/કોમ્પ.સેલ.

## આમુખ:-

ઈન્ફર્મેશન ટેક્નોલોજીના અમલીકરણ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં હાલ વંચાણે લીધેલ ક્રમાંક (૨) અન્વયે આઈ.ટી. કમિટીની રચના કરવામાં આવેલ. હાલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા તેના તાબાની કચેરીઓ માટે ઈન્ફર્મેશન ટેક્નોલોજીના સાધનો/સોફ્ટવેરની ખરીદી તથા તેને આનુષંગિક બાબતો અને આઈ.ટી. પ્લાન જેવી બાબતો હાલની આઈ.ટી. કમિટી દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ, આઈ.ટી. ની કામગીરી વધુ અસરકારક રીતે તથા ઝડપથી થઈ શકે તે માટે આઈ.ટી. કમિટીની પુનર્રચનાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજી સંબંધિત કામગીરી માટે વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના તા.૧૬/૧૦/૨૦૦૮ ના ઠરાવને આથી રદ કરવામાં આવે છે. તેના બદલે નીચે મુજબની વિભાગની આઈ.ટી. કમિટીની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આઈ.ટી. કમિટી

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અ.મુ.સ.શ્રી,<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી(આઈ.ટી.),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય<br>સચિવ |
| ૩ | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪ | નિયામકશ્રી,<br>(અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા) | સભ્ય |
| ૫ | નાણાં સલાહકારશ્રી(સા.ન્યા. અને અ.વિ.),<br>નાણાં વિભાગ | સભ્ય |
| ૬ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના એક પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ(જી.આઈ.એલ.) ના પ્રતિનિધિ | સભ્ય |

ઉપર્યુક્ત સમિતિમાં અધ્યક્ષશ્રીની અનુમતિથી નવા સભ્યો ઉમેરી શકાશે. જો સુચિત ખરીદી રૂ. એક કરોડથી વધુ કિંમતની હશે તો વિભાગની આઈ.ટી. કમિટી નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અ.મુ.સ.શ્રી,<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી(આઈ.ટી.),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય<br>સચિવ |
| ૩ | નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા),<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪ | નિયામકશ્રી,<br>(અનુસૂચિત જાતિ કલ્યાણ/વિકસતી જાતિ કલ્યાણ/સમાજ સુરક્ષા) | સભ્ય |
| ૫ | સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ | સભ્ય |
| ૬ | સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | સભ્ય |
| ૭ | મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ | સભ્ય |

વિભાગની તાબાની કચેરીઓએ આઈ.ટી.ના સાધનો/સોફ્ટવેરની ખરીદી તથા તેને આનુષંગિક બાબતો માટે આઈ.ટી. કમિટી સમક્ષ દરખાસ્ત કરતાં પહેલાં તેઓની સંબંધિત વહીવટી શાખાની વહીવટી/નાણાકીય મંજૂરી મેળવવાની રહેશે. ત્યારબાદ જ આઈ.ટી. કમિટીની મંજૂરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

આઈ.ટી. કમિટીની બેઠકો બોલાવવાની તેમજ તેને આનુષંગિક કાર્યવાહી વિભાગની કોમ્પ્યુટર સેલ શાખા દ્વારા કરવાની રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા વિભાગના તાબાની કચેરીઓ માટે એક કરોડથી ઓછી કિંમતના આઈ.ટી.ના સાધનો/સોફ્ટવેરની ખરીદી તથા તેને આનુષંગિક બાબતો અંગે વિભાગની આઈ.ટી. કમિટીએ ચર્ચા વિચારણા કરીને તેને મંજૂર/નામંજૂર કરવાની રહેશે.

ઉપર મુજબ વિભાગની આઈ.ટી. કમિટી દ્વારા મંજૂર થયેલ બાબતો જો સેક્રેટરી પરચેઝ કમિટી(IT) માં મૂકવાની થાય તો તે અંગેની કામગીરી જે તે પ્રભાગ/વહીવટી શાખા દ્વારા હાથ ધરવાની રહેશે.

એપ્લીકેશન/પ્રોજેક્ટ/સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે આઈ.ટી. કમિટીની મંજૂરી મળ્યા બાદ એપ્લીકેશન/પ્રોજેક્ટ/સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે વર્ક ઓર્ડર/પરચેઝ ઓર્ડર આપવાની, ઓપરેશન અને મેઈન્ટેનન્સ, ડેવલપમેન્ટની કામગીરીની સમીક્ષા તથા તેને સંબંધિત ઉદ્‌ભવતા પ્રશ્નો અંગેની કામગીરી જે તે તાબાની કચેરી/વહીવટી શાખાએ કરવાની રહેશે.

આઈ.ટી. ને સંબંધિત ઉપસ્થિત થતા ઓડિટ પેરા તેમજ અન્ય કામગીરી જે તે પ્રભાગનો પેરા ઉપસ્થિત કરવામાં આવેલ હોય તે પ્રભાગ/વહીવટી શાખાએ કરવાની રહેશે.

આ સમિતિનું કાર્યક્ષેત્ર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા તેના તાબાની કચેરીઓ પૂરતું તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઠરાવમાં દર્શાવેલ સત્તાઓને આધીન રહેશે.

વિભાગની સમાનાંકી ફાઈલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૯/૦૮/૨૦૧૯ ની મળેલ અનુમતિ અન્વયે આ ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

૩૦।૮।૧૯

(જી.પી.પટેલ)

નાયબ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

O/C

Dpatel 30/8/'19

સા.ન્યા. અને અ. વિ.,

રવાના કર્યું

તારીખ :૩૦/૦૮/૨૦૧૯

નંબર..........

સહી..........

નકલ રવાના:-

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.કલ્યાણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સરદાર ભવન, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા. અને અ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, બ્લોક નં.૨, ૨ જો માળ, સી & ડી વીંગ, કર્મયોગી ભવન,સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
- સમિતિના અધ્યક્ષશ્રી તથા અન્ય સર્વે સભ્યશ્રીઓ.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- વિભાગના તમામ ખાતાના વડાશ્રીની કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશન/આયોગની કચેરીઓ.
- વિભાગની તમામ શાખાઓ.
- સિલેક્ટ ફાઈલ.